
## ડૉ. જગદીશ ત્રિવેદીનું સધ્ધર સર્જન 'હાસ્યકારનાં ગંભીર પ્રવચનો'




**પુસ્તક પરિચય**
**કુંતલ નિમાવત**
knn786@gmail.com

દર મહિનાના છેલ્લા દિવસે આખા મહિનાના કાર્યક્રમોની યાદી થાય. પુરસ્કારોનો સરવાળો થાય. કુલ આવકના દસમા ભાગની રકમ જુદી મુકાઈ જાય અને બીજો મહિનો પૂરો થાય તે પહેલાં આરોગ્ય અને શિક્ષણનાં ક્ષેત્રમાં વપરાઈ જાય. આ ક્રમ છેલ્લા બાર વરસથી ચાલે છે. અત્યાર સુધી આવકના દસ ટકાનું દાન કરતો હતો, હવેથી સો ટકાનું દાન કરીશ.

દેવશંકર મહેતા ગુજરી ગયા ત્યાં સુધી એમને એક ચિંતા હતી કે મારી ગભરુ પારેવા જેવી દીકરી ઊર્મિલાનો પહેલા ખોળાનો ભાણિયો જગો સાવ નરાતાર ગાંડો પાક્યો, એ મોટો થઈને શું કરશે? મને અત્યારે એ વાતનું દુખ છે કે સુખ જોવા માટે એ જીવતા ન રહ્યા.

મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે ગંભીરતા વગરનું હાસ્ય અને હાસ્ય વગરની ગંભીરતા બંને નિરર્થક છે. શાહબુદીન રાઠોડે શિક્ષણથી હાસ્યને ગંભીર બનાવ્યું અને હાસ્યથી શિક્ષણને હળવું બનાવ્યું. હાસ્યમાં એમણે રિઅલાઈઝેશન અને રીએક્શન વચ્ચેના તફાવતને બરાબર આત્મસાત કર્યો છે.

દારૂ પીવાથી હાડ નબળું પડે, ખોટી પ્રશંસાથી હામ નબળી પડે અને દાદને રોકવાથી હૈયું નબળું પડે છે. અત્યારે મારા જેવા કલાકારો અને કવિઓએ હાડ, હામ અને હૈયું ત્રણે મજબૂત રાખવાં હોય તો કવિ દુલા ભાયા કાગના ફળિયાની ધૂળ જેવી અસરકારક ઔષધિ બીજી એક પણ નથી.

'શિક્ષાપત્રી' ભગવાનનું સર્જન હોવાથી દિવ્ય છે, તેમાં રહેલા બહુજન હિતાય-બહુજન સુખાયના વિચારો એને ભવ્ય બનાવે છે. તેની રચના સાવ સરળ ભાષામાં થઈ હોવાથી એ સહજ શ્રાવ્ય છે. આમ, 'શિક્ષાપત્રી' દિવ્ય, ભવ્ય અને શ્રાવ્ય પ્રભુપ્રસાદ છે.

૧૬ જૂન, ૧૯૫૪ના રોજ હરિવંશરાય નાણાંભીડને કારણે હવાઈ માર્ગને બદલે દરિયાઈ માર્ગે ઈંગ્લેન્ડથી ભારત જવા રવાના થયા. અલાહાબાદ રેલવે સ્ટેશને બે બાળકો સાથે લઈ આવકારવા આવેલાં તેજી બચ્ચને કવિએ કહ્યું કે, 'મને એમ હતુંત કે તું મુંબઈ બંદરે મને આવકારવા આવીશ.' આ સાંભળી પત્ની રડવા લાગી અને કહ્યું કે ઘરમાં અલાહાબાદથી મુંબઈ આવવાનું ભાડું પણ નથી.

જૈન ધર્મનો પાયો અહિંસા અને પ્લીન્થ સત્ય છે. એનો ગ્રાઉન્ડ ફ્લોર અસ્તેય અને ફર્સ્ટ ફ્લોર અપરિગ્રહ છે. આ ઈમારત ઉપર જે ધજા ફરકે છે એ બ્રહ્મચર્યની ધજા છે. જૈન શબ્દ જીન ઉપરથી આવ્યો છે. જીન એટલે વિજેતા. આ વિજય કોઈ વ્યક્તિ કે સેના સામે નથી પરંતુ ઈન્દ્રીયો સામે છે. જેમણે કામ, ક્રોધ, લોભ, મોહ અને માયા જેવા દુશ્મનોને હણ્યા છે એ અરિહંત છે.

સીતાનો જન્મ જે ઘડામાંથી થયો એ ઘડાનો ઘડનાર પ્રજાપતિ હતો. કુંભજ ઋષિ સાથે પણ કુંભ અને કુંભારનો સીધો સંબંધ છે. આપણે બ્રહ્માને પ્રજાપિતા કહીએ છીએ તો પ્રજાપતિ બ્રહ્માના જમાઈ થયા કારણ પ્રજાપિતાએ પોતાની પ્રજા નામની પુત્રીને પ્રજાપતિ સાથે પરણાવી છે.

આ તમામ અવતરણો છે જુદા વિષયોનાં, પરંતુ તે એક જ પુસ્તકમાંથી લેવામાં આવ્યાં છે. પુસ્તકનું નામ છે 'હાસ્યકારનાં ગંભીર પ્રવચનો' અને લેખક છે ડૉ. જગદીશ ત્રિવેદી.

વાચકો જાણે છે કે ડૉ. જગદીશ ત્રિવેદીનું નામ હાસ્યકાર તરીકે જેટલું જાણીતું છે એટલું જ ચિંતક તરીકે પણ છે. પોતાના આ પુસ્તકમાં તેમણે શિર્ષકમાં જણાવ્યું તેમ પોતાનાં અલગ-અલગ સમયે પોતે કરેલાં પ્રવચનોનો સંગ્રહ કર્યો છે.

મોટાભાગે પ્રવચનકારો પ્રવચન આપતાં પહેલાં તેને તૈયાર કરે છે, પરંતુ પ્રવચન પૂર્ણ થયા પછી તેને સાચવનારા ઓછા ને તેને પુસ્તકરૂપે તૈયાર કરનારા તો ઘણા ઓછા. એ અર્થમાં ડૉ. ત્રિવેદીનું આ પુસ્તક નવતર કહી શકાય. બીજી નવિનતા એ પણ છે કે પુસ્તક કોઈપણ જાતની અને કોઈપણની પ્રસ્તાવના વિના સીધું જ શરૂ થઈ જાય છે. મુદ્રક, પ્રકાશકના પાના પછી અનુક્રમણિકા અને સીધી જ પ્રકરણની શરૂઆત. ઘણી બધી નવી શરૂઆત કરનારા ડૉ. જગદીશ ત્રિવેદી આ પુસ્તક પ્રકાશનમાંય નવું કરી શક્યા એનો આનંદ.

પુસ્તક આઠ પ્રકરણોમાં વહેંચાયેલું છે : વાનપ્રસ્થ, દેવશંકર મહેતા, હાસ્યકાર શાહબુદીન રાઠોડ, કાગના ફળિયે કાગની વાતું, ભગવાન સ્વામીનારાયણ અને શિક્ષાપત્રી, હરિવંશરાય બચ્ચન અને મધુશાલા, મહાવીર અને જૈનધર્મ, સમાજનું અવિભાજ્ય અંગ : પ્રજાપતિ.

આ આઠેય પ્રકરણ તેમણે છેલ્લાં છએક વર્ષમાં અલગ-અલગ સ્થળે, સમયે કરેલાં પ્રવચનો જ છે, જે ખરેખર વાચનક્ષમ છે. વિષયોનું વૈવિધ્ય તો ખરું જ. વળી, જગદીશ ત્રિવેદી પોતે બહુ મોટા વાચક, ભાવક, કલાકાર છે; એ નાતે દુહાથી માંડીને વાયકાઓ સુધીનું વૈવિધ્ય એમનાં લેખનમાં સાહજિકતાથી જોડાઈ જાય છે, જે વાચનસામગ્રીને સમૃદ્ધ બનાવે છે. મુદ્રણ સુંદર. હા, પ્રૂફવાચન સક્ષમ રીતે થયું નથી એ ધ્યાને આવે છે.

સરવાળે, ડૉ. ત્રિવેદીના ચાહકો માટે ને અન્ય વાચકો માટે પણ વાચન, માહિતીનો સુંદર રસથાળ. ડૉ. ત્રિવેદીને આ નવતર, સધ્ધર સર્જન માટે અભિનંદન!

**હાસ્યકારનાં ગંભીર પ્રવચનો**
લેખક : ડૉ. જગદીશ ત્રિવેદી
પ્રકાશક : મૌલિક પ્રકાશન, સુરેન્દ્રનગર.
ફોન : (૦૨૭૫૨) ૨૩૦૯૦૩
મૂલ્ય : રૂા. ૨૦૦/-

# નગરના યુવા ઍન્જિનીયર આકાશ કોરિયાના પંથે



ગાંધીનગર, તા. ૧૭

હેબીટેટ ફોરમ ઈનહાફ, અમદાવાદ ખાતે એક્ટિવિટી લીડર તરીકે ફરજ બજાવતા ગાંધીનગરના યુવા એન્જિનીયર આકાશ ધનજીભાઈ પરમારને ગેંગવોન પ્રોવિન્સીયલ ગર્વમેન્ટ, રિપબ્લિક ઓફ કોરિયા અને ઈનર નેશનલ અર્બન ટ્રેનીંગ સેન્ટર દ્વારા યુનાઈટેડ નેશન્સના સહયોગથી તા. ૧૯થી ૨૯ નવેમ્બર દરમિયાન યોજાનાર 'ઈનોવેટીવ એપ્રોચીસ ટુ ડીલીવર એફોર્ડેબલ હાઉસિંગ ફોર એશિયા'ના તાલીમ વર્ગમાં જોડાવા આમંત્રણ મળ્યું છે. ૧૮મી નવેમ્બરે સાંજે ૭ વાગ્યાની ફલાઈટમાં આકાશ દિલ્હી જશે અને ત્યાંથી રાત્રે ૧૧.૧૫ વાગ્યાની ફલાઈટમાં સીઓલ (દક્ષિણ કોરિયા) જવા રવાના થશે. ઉલ્લેખનીય છે કે આકાશ પરમાર દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના આસી. ડિરેક્ટર ઉત્સવ પરમારના નાના ભાઈ છે. ઉત્સવ પરમારે પણ ગત મે માસ દરમિયાન ઉપરાષ્ટ્રપતિની ટીમમાં પેરુ, ગ્વાટેમાલ, પનામા, સ્પેન જર્મનીનો પ્રવાસ કર્યો છે.

# નહેરુ યુવા કેન્દ્રના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે ગુજરાતના પ્રદીપસિંહ



ગાંધીનગર, તા. ૧૭

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ન્યુ દિલ્હીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ / વાઈસ ચેરમેન તરીકે ગુજરાતના ખૂબ જ સક્રિય રાષ્ટ્રીય ભાવનાવાળા યુવા નેતા પ્રદીપસિંહજી વાઘેલાની નિમણુક ભારત સરકાર દ્વારા ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

ભારત માં ૬૫૦ જેટલા જીલ્લામાં નહેરુ યુવા કેન્દ્રની કચેરીઓ કાર્યરત છે. દરેક રાજ્યની રાજધાનીમાં પણ વહીવટી કચેરી કાર્યરત છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં ૧ કરોડ થી વધુ વોલન્ટીયર્સ જોડાયેલા છે. અને ૧ લાખ જેટલા યુવા મંડળોથી જોડાયેલ નહેરુ યુવા કેન્દ્ર સંગઠન એ દેશનું યુવકોનું સૌથી મોટું સંગઠન છે. પ્રદીપસિંહજી એ ગુજરાતના પ્રથમ યુવા નેતા છે કે જેમની વાઈસ ચેરમન તરીકે નિમણુક થયેલ છે. પ્રદીપસિંહજી અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના બકરાણા ગામના વાતની છે. ઈન્ડિયન યુથ ડેલીગેશન ચાઈનાના પ્રવાસે ગયું હતું ત્યારે તેઓ પણ જોડાયા હતા. રાષ્ટ્રીય કક્ષાએ યુવાનોને લગતા અનેક કાર્યક્રમોમાં તેઓ જોડાયેલા છે. તેમણે ગુજરાત ભાજપ યુવા મોરચાના સફળ અધ્યક્ષ તરીકે યશસ્વી કામગીરી સંભાળી છે. હાલમાં ભાજપના મહામંત્રી તરીકે સેવાઓ આપે છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ તથા ગુજ. યુની. માં સેનેટ મેમ્બર તરીકેની પણ સફળ કામગીરી બજાવી છે.

યુવા પ્રવૃત્તિના અનુભવી યુવા નેતાની નિમણુકથી ગુજરાતના યુવકોમાં આનંદની લાગણી પ્રવર્તી છે. અનેક મહાનુભાવો તરફથી અભિનંદન પણ મળેલ છે. તેમણે યુથ હોસ્ટેલ ગાંધીનગર તથા પંચાયત પરિષદ ખાતે આવેલ નહેરુ યુવા કેન્દ્ર સંગઠન ની કચેરી મુલાકાત લેતા સૌએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. અને વિવિધ યુવા પ્રવુત્તિઓ અંગે તથા કાર્યક્રમો અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના નિયામક અનિલ કૌશિક, યુથ કોર્ડીનેટર રજનીકાંત સુથાર તથા સમગ્ર કર્મચારી મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત

# રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયમાં રંગોળી અને ચિત્રસ્પર્ધા





રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭ દ્વારા ચાલી રહેલા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત શનિવારે રંગોળી અને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચથી માંડીને પચીસ વર્ષની વય સુધીના સ્પર્ધકોએ આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો, બાળકોને પુસ્તકો ભેટ ધરવામાં આવ્યાં હતાં. વાચનનું મૂલ્ય સૌને ગ્રંથપાલડૉ. પંકજ કે ગોસ્વામી દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

### સતર્કતા જાગૃતિ સપ્તાહ - ૨૦૧૮ અંતર્ગત દેના ગુજરાત ગ્રામીણ બેન્ક હેડ ઓફિસ ખાતે

# 'ભ્રષ્ટાચાર મુક્ત ભારત' વિષયે સતર્કતા જાગૃતિ બેઠક



ગાંધીનગર, તા. ૧૭

સતર્કતા જાગૃતિ સપ્તાહ - ૨૦૧૮ અંતર્ગત દેના ગુજરાત ગ્રામીણ બેન્ક હેડ ઓફિસ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે 'ભ્રષ્ટાચાર મુક્ત ભારત' શિર્ષક હેઠળ સતર્કતા જાગૃતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેના બેન્કના ચીફ વિજીલન્સ ઓફિસર પરશુરામ પાંડાએ સતર્કતા જાગૃરુકતા અંગે દેના ગુજરાત ગ્રામીણ બેન્ક, હેડ ઓફિસના સમસ્ત સ્ટાફને વિસ્તારપૂર્વક સંબોધન કર્યું હતું તથા તેમની સાથે ગહન ચર્ચા-વિચારણા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે બેન્કનાં તમામ કામકાજની પૂરી પ્રામાણિકતા અને ઈમાનદારીપૂર્વક થાય તે જોવાની, કાળજી લેવાની જવાબદારી તમામ સ્ટાફની છે. બેન્કનાં તમામ કામકાજમાં સ્ટાફને જાગૃત રહેવા તથા તમામ ગ્રાહકો સાથે ઉચિત, સન્માનનીય વ્યવહાર સાથે કાર્ય કરવાની હિમાયત તેમણે કરી હતી. બેન્કના ચેરમેન બલબીરસિંહ લુથરા અને બેન્કના રાજ્ય વિજીલન્સ ઓફિસર પ્રદીપ કાર્લુસ્કરે પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૧૮ દરમિયાન દેના ગુજરાત ગ્રામીણ બેન્કમાં યોજાયેલ સ્લોગન કોમ્પિટીશન તથા હેડ ઓફિસ ખાતે યોજાયેલ ક્વિઝ કોમ્પિટીશનમાં વિજેતા બનેલા સ્પર્ધકોને ચીફ વિજીલન્સ ઓફિસર તથા ચેરમેનના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અંતમાં બેન્કના જનરલ મેનેજર ગીરીશ બંસલે આભાર દર્શન કર્યું હતું.

### ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ ખાતે

# આજે ગાંધી-ટાગોરના સંપર્ક વિષયે વાચિકમ

## મહાત્મા ગાંધી અને ટાગોરના પત્રો, તાર અને લેખોને નાટ્યસ્વરૂપે પ્રસ્તુત કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ નું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિ નું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુથી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પો ને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારો ને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

આવનાર તારીખ ૧૮ નવેમ્બર, ૨૦૧૮ રવિવાર ના રોજ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી વર્ષના અવસરે એક અદ્‌ભૂત હૃદયસ્પર્શી નાટ્ય-પ્રસ્તુતિ મહાત્મા ગાંધી અને ટાગોરના પત્રો, તાર અને લેખોનું નાટ્ય વાચિકમના કાર્યક્રમ નું આયોજન ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા ભવન્સ જે. એ. ઓડિટોરિયમમાં સાંજે ૭ કલાકે રાખેલ છે.


ભારતવર્ષની તવારીખમાં એક જ યુગમાં, એક જ સમયમાં થઈ ગયેલી આ બંને વિભિન્ન બહુઆયામી અસાધારણ પ્રતિભાઓ વચ્ચે ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૪૯ એટલે કે શ્રી ટાગોરના નિધન સુધી, લખવામાં આવેલા પત્રો, તાર અને થયેલી મુલાકાતોને આધારે આ નાટ્ય-વાચિકમ તૈયાર કરવામાં આવેલ છે. આ નાટ્ય વાચીકામમાં સંગીત અને પ્રકાશ સાથે પ્રતીકાત્મક સેટ અને કોસ્ચ્યુમનો પ્રયોગ કરવામાં આવેલ છે. જેમાં તેઓ બંને ની વિચારધારાઓ કોમવાદ, જાતિવાદ, અસ્પૃશ્યતા, કર્મના સિધ્ધાંત શિક્ષણનો વિકાસ, જેવી પાયાની બાબતોમાં લગભગ એકસમાન હતી.

એ જ રીતે ચરખો, સત્યાગ્રહ, અસહકારની ચળવળ, પૂના એક્ટ, ઉપવાસ, પશ્ચાત શિક્ષણ, અંગ્રેજી ભાષાનો ઉપયોગ, જેવી વિવિધ મુદ્દે તેઓએ એકમેક સાથે ખુલ્લા મને તીવ્ર ચર્ચાઓ પણ કરી છે, અલબત , એકમેક પ્રત્યેના પ્રેમ આદરની ગરિમાને પૂર્ણપણે ઉલ્લેખ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માં જાણીતા એવા લતા શાહ સુત્રધાર તરીકે મંચ પર હાજરી આપશે, અને ગાંધીજી ના અવતાર માં જીગર બુન્દેલા અને રવીન્દ્રનાથ તાગોર ના અવતાર માં ઉન્મેશ દિક્ષિત મંચ પર પ્રસ્તુતિ આપશે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૨૮મો મણકો ॥**

મતલબ કે તેઓ ફરી અહીં ન આવે તો સારું એમ તેણે ઈચ્છ્યું હતું. એ જ જનરલ સ્મડ્સે ૧૯૩૧માં જ્યારે ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા ત્યારે ઈંગ્લેન્ડના મુત્સદ્દીઓને કહ્યું હતું કે **'You are dealing with a saint, not with a diplomate.'** (ધ્યાન રાખજો, તમે એક સંત સાથે કામ કરી રહ્યા છો, એક મુત્સદ્દી સાથે નહીં.)



જનરલ સ્મડ્સે એમ જણાવ્યું છે કે, ગાંધીજીએ આપેલાં એ સેન્ડલ હું ઉનાળાના દિવસોમાં ઘરમાં પહેરવા વાપરતો. એમ ૩-૪ વર્ષ મેં એ વાપર્યાં. પણ પછી એમ થયું કે આવા માણસના પેંગડામાં પગ મૂકીને આપણાથી ચલાય નહીં. તેથી એ સેન્ડલ સાચવી રાખ્યાં. વિચાર્યું કે મારા દીકરાના દીકરા યાદ કરશે કે મારા દાદાને આવા માણસ તરફથી સેન્ડલ ભેટમાં મળ્યાં હતાં. પણ એ પછી થોડા વર્ષે મને એ વિચાર આવ્યો કે, આ ભેટ એ માત્ર સ્મડ્સ કુટુંબને મળેલી ભેટ નહોતી. આ તો ગાંધીએ માનવતાને આપેલી ભેટ હતી.' તેથી અમુક વર્ષો પછી ગાંધીજીની અમુક જયંતિ ઉજવાઈ રહી હતી ત્યારે જનરલ સ્મડ્સે આ સેન્ડલ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રીય મ્યુઝિયમને આપી દીધાં હતાં, 'આફ્રિકન મ્યુઝિયમ'ના એક ખાસ હૉલમાં આ સેન્ડલ સાચવીને રાખવામાં આવ્યાં છે.

આ હૉલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે સરકારે જાહેરાત કરી હતી એય જાણવા જેવી છે. આપણે ત્યાં પ્રવાસન સ્થળ પ્રત્યે પ્રવાસીઓને આકર્ષવા માટે કરવામાં આવે છે એવી જ રીતે જાહેરાત કરવામાં આવી હતી પણ એના શબ્દો જૂદા હતા : **'Visit Jhonisberg - The birth place of Satyagrah.'** જ્હોનિસબર્ગને હીરાની ખાણના પ્રદેશ કે આર્થિક રાજધાની તરીકે નહીં, પણ સત્યાગ્રહના જન્મસ્થળ તરીકે આ જાહેરાતમાં દર્શાવવામાં આવ્યું હતું.

150 ગાંધીયાત્રા

ાંધીજીની અંતરયાત્રાનાં જે સાધનો હતાં - નિરીક્ષણ, પરીક્ષણ અને શોધન - બહારની યાત્રામાં એ મૂલ્યાંકનરૂપે પ્રગટ થયાં.

જાન્યુઆરી, ૧૯૧૫માં તેમણે દક્ષિણ આફ્રિકામાંથી કાયમને માટે વિદાય લીધી ત્યારે જહાજમાં કરેલાં કામનું મૂલ્યાંકન કરી રહ્યા હતા. આગામી કામનું અનુમાન પણ કરી રહ્યા હતા, આયોજન પણ વિચારી રહ્યા હતા. જોકે, છેવટનું આયોજન તેમણે ઉપરવાળાના હાથમાં સોંપ્યું હતું. વિચારતા હતા કે ઈશ્વરે મને આ કામને માટે નિમિત્ત બનાવ્યો છે.


જે કામને માટે જાઉં છું તે કેટલું વિશાળ છે ? એનો પણ એમને ખ્યાલ હતો. એ દિવસોમાં દક્ષિણ આફ્રિકામાં વસતા હિન્દુસ્તાનીઓની સંખ્યા માંડ ત્રીસ હજાર. અને જે દેશમાં કામ કરવાનું છે તે દેશની વસતી ત્રીસ કરોડ - દસ હજારગણી વધારે જનસંખ્યા. કેટકેટલી ભાષાઓ, કેટકેટલા ધર્મો અને ૩-૪ હજાર જેટલી તો જાતિઓ. એમની વચ્ચે કામ કરવાનું. દક્ષિણ આફ્રિકામાં નેતૃત્ત્વ એમને માથે મારવામાં આવ્યું'તું કે તમે આગળ થાઓ તો અમે થઈએ. પણ અહીં હિન્દુસ્તાનમાં તેમણે પગ મૂક્યો એનાં વર્ષો પહેલાંથી સમાજમાં ને રાજકારણમાં પડેલાં લોકોનું અનુભવી ને વિદ્વાન નેતૃત્ત્વ હાજર હતું.

મૂલ્યાંકન કરનારે પોતાની તાકાત શી છે ? એ બાબતનો પણ વિચાર કરવો જોઈએ એમ તેઓ પણ કરી રહ્યા હતા. સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે લોકો મૂલ્યાંકન કરે ત્યારે ઘણા એમ કહી દે છે કે, 'હું તો કશું જ નથી.' ને ઘણા એમ માને છે કે, 'હું તો બધું જ છું.' પણ સાચું મૂલ્યાંકન કરનાર આ બે છેડાને અડતો નથી. તેથી તેને પોતાની શક્તિનો વાસ્તવિક ખ્યાલ મળે છે.

એમ ગાંધીજીને પણ એમ ખ્યાલ હતો ખરો કે મારી પાસે સત્યાગ્રહ છે, જેને લઈને મારે આગળ ચાલવાનું છે. જોકે, તેમણે એક સાથીને કહેલી વાત પણ સૂચક હતી. તેમણે કહેલું, 'દક્ષિણ આફ્રિકાની મૂડી લઈને મારે અહીં કામ કરવું નથી.'

દેશમાં આવ્યા એની શરૂઆતમાં જ તેમને એક વાત મર્યાદા તરીકે સૂચવાયેલી, જે તેમણે સાધનાના ભાગરૂપે સહર્ષ સ્વીકારી લીધેલી. ગોખલેજીએ તેમને સૂચવ્યું હતું કારણ કે ગોખલેજી જાણતા હતા કે ગાંધીજી કામ કરશે તો પોતાની રીતે કરશે. પણ એ અહીંના નેતાઓને સૂચનો કરશે તો એમાં સૂચવનારની શક્તિ બરબાદ જ થશે. તેમણે ગાંધીજીને પણ કહ્યું હતું કે, 'હું જાણું છું કે તમે તમારી રીતે જ કામ કરવાના છો. પણ મારે એટલું કહેવું છે કે પહેલાં દેશને સમજી લેજો અને પછી શું કરવું ને કેવી રીતે કરવું તે નક્કી કરજો. શું કરવું ને કેવી રીતે કરવું એ હું તમને નહીં કહું. આંખો ખુલ્લી રાખજો, કાન ખુલ્લા રાખજો, પણ મોઢું બંધ રાખજો. એક વર્ષ જાહેરમાં કંઈ જ બોલતા નહીં.'

એક વર્ષનો પાઠ્યક્રમ તેમણે ગાંધીજીને આપી દીધો ને ગાંધીજીએ તે સ્વીકારી પણ લીધો. ગોખલેજી જાણતા હતા કે શિષ્ય માટે એક વર્ષ તો પૂરતું થઈ રહેશે. ગાંધીજીને તો ભાવતું'તું ને વૈદે કીધું એવું અનુભવાયું. તેમણે જાહેરમાં બોલવાનું ટાળ્યું. જોકે, એનો મતલબ એમ નથી કે એક વર્ષમાં તેઓ ક્યાંય જાહેરમાં બોલ્યા જ નથી. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ